**સરકારે 29.40 કરોડ મંજૂર કર્યા હોવા છતાં**

# સુરત જિ.પં.ના ભવન માટે સ્વભંડોળમાંથી ખર્ચ થતાં વિવાદ

**સ્વભંડોળના 18.40 કરોડ ખર્ચાતા ખેડૂત, મહિલા અને બાળ વિકાસ યોજનાઓને અસર: દર્શન નાયક**

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના નવા ભવનના નિર્માણમાં થયેલા વધારાના ખર્ચ મુદ્દે અગાઉ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત થયા બાદ અને અગ્ર સચિવ, પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને તપાસ સોંપાયા પછી હવે કોંગ્રેસ તરફથી ખુલ્લા ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવ્યા છે.

માજી જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શનભાઈ નાયકે જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત ભવનના નિર્માણમાં ગંભીર ભ્રષ્ટાચાર થયો છે. તેમણે જણાવ્યું કે સરકારશ્રી દ્વારા રૂ.29.40 કરોડની મંજૂરી બાદ પણ વધારાના અંદાજે રૂ.18.40 કરોડ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી ખર્ચ કરવા પડ્યા હોવાની હકીકત સામે આવી છે, જે ગંભીર બાબત છે. તેમના જણાવ્યા અનુસાર જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી થયેલા આ વધારાના ખર્ચની સીધી અસર તાલુકા કક્ષાની અનેક મહત્વની યોજનાઓ ઉપર પડી છે.

ખાસ કરીને ખેડૂતલક્ષી યોજનાઓ, બાળ વિકાસ માટેની પ્રવૃત્તિઓ તેમજ મહિલાઓના કલ્યાણ માટે અમલમાં મુકાતી યોજનાઓના ફંડમાં ઘટાડો થયો હોવાનું તેમણે કહ્યું. વિકાસ માટે ફાળવાયેલા નાણાં નવા ભવનના નિર્માણમાં વપરાતા સામાન્ય જનતાને મળવા પાત્ર લાભો અટકી ગયા હોવાનો આક્ષેપ તેમણે કર્યો.

હાલ જિલ્લા પંચાયત ભવનના ખર્ચ મુદ્દે સરકાર અને તપાસ એજન્સીઓની ભૂમિકા પર સૌની નજર ટકી છે. તપાસમાં જો અનિયમિતતાઓ સાબિત થશે તો જવાબદાર સામે કાર્યવાહી થાય છે કે કેમ, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થવાની શક્યતા છે.

# સુરતમાં TET-1માં 1804 ઉમેદવાર ગેરહાજર

**બે ઝોનમાં કુલ 18,584 ઉમેદવાર નોંધાયા હતા**

સુરતઃ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત શિક્ષક યોગ્યતા કસોટી (TET-1) ડિસેમ્બર 2025 અંતર્ગત તા. 21 ડિસેમ્બર 2025 (રવિવાર) ના રોજ સુરત શહેરમાં પરીક્ષા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે યોજાઈ હતી. સુરત શહેરને બે ઝોનમાં વહેંચી પરીક્ષા લેવામાં આવી હતી.

પરીક્ષા દરમિયાન કુલ 18,584 ઉમેદવારો નોંધાયેલા હતા, જેમાંથી 16,780 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે 1,804 ઉમેદવારો ગેરહાજર રહ્યા હોવાનું સત્તાવાર હાજરી રિપોર્ટમાં સામે આવ્યું છે. ઝોન-1માં કુલ 8,600 ઉમેદવારો નોંધાયેલા હતા. જેમાંથી 7,767 ઉમેદવારો હાજર રહ્યા હતા અને 833 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ઝોન-2માં કુલ 9,984 ઉમેદવારો નોંધાયા હતા. જેમાંથી 9,013 ઉમેદવારો પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે 971 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. બંને ઝોનમાં મળીને હાજરીનો સરેરાશ પ્રમાણ સંતોષજનક રહ્યો હોવાનું પરીક્ષા સંચાલન સાથે જોડાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું. પરીક્ષા દરમિયાન શહેરના તમામ કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

પરીક્ષા કેન્દ્રોની આસપાસ પ્રતિબંધાત્મક આદેશો અમલમાં રાખવામાં આવ્યા હતા, જેથી પરીક્ષાર્થીઓને કોઈ પણ પ્રકારની ખલેલ ન પહોંચે. ફ્લાઈંગ સ્ક્વોડ, ઓબ્ઝર્વરો અને પરીક્ષા સ્ટાફ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી.

**મુસાફરોનાં આરોગ્ય સાથે ખિલવાડ કરવાનું મસમોટું નેટવર્ક**

# ટ્રેનોમાં હલકી ગુણવત્તાવાળી પાણીની બોટલો વેચાય છે!

**ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસ ટ્રેનમાં વાણિજય વિભાગે રેડ કરી મંજૂરી વિના ગેરકાયદે વેચાતી 230 બોટલ જપ્ત કરી**



સુરતઃ ઉધના રેલવે સ્ટેશન ઉપર ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસ ટ્રેનના પેન્ટ્રી કોચમાંથી રવિવારે રેલવેના વાણિજ્ય વિભાગે રેડ કરી ગેરકાયદે વેચવા મુકેલી પાણીની 230 બોટલ જપ્ત કરી હતી. રેલવેમાં લાંબા સમયથી ચાલતા પાણીના આ ગેરકાયદે વેપાર ઉપર તંત્રની કાર્યવાહીથી પાણી માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો છે.

મળતી માહિતી મુજબ 21 ડિસેમ્બર 2025ના રોજ, સુરતના ઉધના રેલવે સ્ટેશન પર પશ્ચિમ રેલવેના વાણિજ્ય વિભાગે એક મોટી કાર્યવાહી કરીને પાણી માફિયાઓના નેટવર્કને ઉજાગર કર્યું હતું. ઉધના-જયનગર અંત્યોદય એક્સપ્રેસ ટ્રેનના પેન્ટ્રી કોચમાંથી 23 બોક્સમાં ભરેલી ગેરકાયદે બ્રાન્ડેડ પાણીની બોટલો જપ્ત કરવામાં આવી. આ બોક્સમાં કુલ 230 બોટલ હતી, જે ન તો IRCTC દ્વારા માન્ય હતી અને ન તો રેલવેના કડક ગુણવત્તા ધોરણોને પૂર્ણ કરતી હતી.

### રેલવેની મંજૂરી વિના બોટલ સપ્લાય કરતી ઓમ સાંઈ રામ એજન્સી સામે કાર્યવાહી

રવિવારે સવારે 8:30 વાગ્યે ટ્રેનના પ્રસ્થાન પહેલાં જ પશ્ચિમ રેલવેના અધિકારીઓએ અચાનક તપાસ હાથ ધરતા પેન્ટ્રી કાર કોચમાંથી આ ગેરકાયદે બોક્સ મળી આવ્યા હતા. આ તમામ પાણીની સપ્લાય ઓમ સાંઈ રામ એજન્સી નામની કંપની દ્વારા કરવામાં આવી રહી હતી. આ એજન્સીએ IRCTCની મંજૂરી વિના અને કોઈપણ ગુણવત્તા પરીક્ષણ વિના આ બોટલો ટ્રેનમાં પહોંચાડી હતી. રેલવે અધિકારીઓએ તુરંત જ આ બોક્સ જપ્ત કરીને એજન્સી સામે કાર્યવાહી શરૂ કરી હતી.

### અસલી બ્રાન્ડના નામે નકલી પાણી વેચાણનું નેટવર્ક

બે દિવસ પહેલા પણ સુરત રેલવે સ્ટેશન ઉપર આ રીતે ગેરકાયદે પાણીની બોટલો પકડાઈ હતી. આજે ઉધના સ્ટેશન ઉપર આ ઘટના બની હતી. આ ઘટના ફક્ત એક અલગ ઘટના નથી, પરંતુ તે રેલવે સ્ટેશનો પર ચાલતા પાણી માફિયાઓના વ્યાપક નેટવર્કનું ઉદાહરણ છે, જેમાં અસલી બ્રાન્ડના નામે નકલી અથવા નીચી ગુણવત્તાનું પાણી વેચાય છે.

# કારની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના રીઢા મિકેનિકની ધરપકડ

**વર્ષ ૨૦૨૨થી ૧૩ ગુનામાં આરોપી નાસતો ફરતો હતો**

**શોર્ટકટમાં રૂપિયા કમાવવા માટે કારની ચોરી કરી ખોટી નંબર પ્લેટ લગાવીને અન્ય રાજ્યોમાં વેચી દેતો હતો**

સુરત : ફોરવ્હીલ ગાડીઓની ચોરી કરતો આંતરરાજ્ય ગેંગના રીઢા આરોપી મિકેનિકલને ક્રાઈમ બ્રાન્ચ પોલીસે વરાછા હીરાબાગ પાસેથી ઝડપી પાડ્યો છે. વર્ષ ૨૦૨૨થી ૧૩ ગુનાઓમાં આરોપી નાસતો ફરતો હતો.

આરોપી શોટકટમાં રૂપિયા કમાવવા માટે ફોરવ્હીલ ગાડીની ચોરી કરી તે ગાડીઓમાં નંબર પ્લેટ ખોટી લગાવીને અન્ય રાજ્યોમાં વેચી દઈ રૂપિયા મેળવી લેતો હતો.

ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો શહેરના ગંભીર ગુનાઓમાં નાસતા ફરતા ગુનેગારોને પકડવામાં માટે વર્ક આઉટમાં હતી.

ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે કારની ચોરી કરતા આંતરરાજ્ય ગેંગનો અને વર્ષ ૨૦૨૨ થી ૧૩ ગુનાઓમાં નાસતો-ફરતો રીઢો આરોપી કલીમ ખાન વરાછા હીરાબાગ પાસે ફરતો હોવાની મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ પોલીસે રીઢા આરોપી કલીમ ઉર્ફે કલીમ કુરેશી મોહમંદ સફી ખાન (ઉ.વ.૪૮ રહે. ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં આરોપી કલીમ ખાન ૧૪ વર્ષનો હતો. ત્યારથી મિકેનિકનું કામ કરતો હતો.

જેથી નાના મોટા વાહનોની રીપેરીંગ તથા તેના સીસ્ટમથી જાણકાર હોવાથી રૂપિયા કમાવવાની ઘેલછામાં વર્ષ ૨૦૦૮થી પોતાના સાગરીતો સાથે મળી મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ફોરવ્હીલ ગાડીઓની ચોરી કરતો હતો. જેમાં વર્ષ ૨૦૧૦, ૨૦૧૨ અને ૨૦૧૫માં મુંબઈ શહેરમાં પકડાઈ ગયા બાદ જેલમાંથી મુક્ત થઈ ત્યારબાદ ઓરીસ્સા રાજ્યના કટક શહેરમાં ફોરવ્હીલ વાહનોની ચોરી કરતા વર્ષ ૨૦૧૯માં પકડાઈ જતા છ માસ જેલમાં રહ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં ગુજરાત રાજ્યના સુરત શહેરના અડાજણ, રાંદેર, પુણા, સરથાણા તથા લિંબાયત જેવા વિસ્તારોમાંથી ફોરવ્હીલ ગાડીઓ ચોરી કરી ડુપ્લિકેટ નંબર પ્લેટ લગાવી મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા અન્ય રાજ્યોમાં વેચાણ કરતો હતો.

## લિંબાયતમાં ચાર મહિના પહેલા રોજીરોટી માટે વતનથી આવેલા યુવકે ઝેર પીધું

સુરત : લિંબાયતમાં ચાર મહિના પહેલા રોજીરોટી માટે વતનથી આવેલા યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્ર બુલઢાણાના વતની અને હાલ લિંબાયત શાંતિનગરમાં આવેલા હરેકૃષ્ણ વિલામાં 22 વર્ષીય પ્રણવ પ્રકાશ ઈગલે પરિવાર સાથે રહેતો હતો. પ્રણવ ચાર મહિના પહેલા જ રોજીરોટી માટે વતનથી સુરત આવ્યો હતો. પ્રણવ કાર ડ્રાઈવિંગ તરીકે નોકરી કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. ગત 19મીએ રાત્રે પ્રણવે ઘરમાં ઝેર પી લીધું હતું. બીજા દિવસે સવારે પરિવારને ઘટનાની જાણ થતા તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં શનિવારે રાત્રે પ્રણવનું મોત નિપજ્યું હતું.

# સુરત જિલ્લા કોંગ્રેસના મંત્રી ગરાસીયાનું રાજીનામું

**કામરેજ બાદ ઓલપાડમાં પણ કોંગ્રેસને ઝટકો**

**સતત અવગણના અને અપમાન સહન ન કરી શકતા રાજીનામું**

સુરતઃ કામરેજ તાલુકા કોંગ્રેસમાં સંગઠનાત્મક ભંગાણ અને સામૂહિક રાજીનામાના પડઘા હજુ શાંત થયા નથી, ત્યાં ઓલપાડ તાલુકાનાલઘુમતી નેતા તથા સુરત જિલ્લા નેશનલ કોંગ્રેસ સમિતિના મંત્રી મહમદઅલી અહમદભાઈ ગરાસીયાએ પોતાના પદ તેમજ કોંગ્રેસ પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે.

મહમદઅલી ગરાસીયાએ તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ એમ. ચૌધરીને લેખિત રાજીનામું પાઠવી પોતાની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે. પોતાના રાજીનામામાં તેમણે જણાવ્યું છે કે વર્ષોથી પાર્ટીમાં સક્રિય કાર્યકર તરીકે કામ કર્યા બાદ પણ છેલ્લા ઘણા સમયથી સતત અવગણના થઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઓલપાડ તાલુકા લઘુમતી સેલના પ્રમુખ તરીકે તેમજ ત્યારબાદ જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે તેમણે નિષ્ઠાપૂર્વક પાર્ટીના હિતમાં કામગીરી કરી છે. છતાં હવે પાર્ટીમાં તેમની સેવાની જરૂર નથી એવી લાગણી ઊભી થઈ છે. સાથે જ મુસ્લિમ સમાજના મતોની પણ પાર્ટીને જરૂર નથી એવો સંદેશ મળી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ પણ તેમણે કર્યો છે. આ સતત અવગણના અને અપમાન સહન ન કરી શકતા તેમણે સ્વેચ્છાએ પાર્ટીના તમામ હોદ્દા અને સભ્યપદ પરથી રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું છે.

## સચિનની આધ્યા સિલ્કમિલમાં ચોરીની ઘટના

સુરતઃસચિન વિસ્તારમાં રાત્રીના સમયે સિલ્ક મિલ્સની ઓફિસને નિશાન બનાવી અજાણ્યા ચોર દ્વારા રોકડ રકમની ચોરી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.

કતારગામ અમરોલી રોડ પર આવેલી ધનરાજ સોસાયટીમાં રહેતા અજયભાઈ પ્રવિણભાઈ વેકરિયા સચિન હોજીવાલા એસ્ટેમાં આધ્યા સિલ્કમિલ ધરાવે છે. ગઈ તારીખ 25 નવેમ્બરે રાત્રિ દરમિયાન કોઈ તસ્કર તેમની ઓફિસમાં બારીની ગ્રીલ તોડીને પ્રવેશ્યો હતો અને 1.96 લાખ ચોરી ગયો હતો. તેમની ફરિયાદના આધારે સચિન પોલીસે તપાસ શરુ કરી છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં બનેલી ચોરીની ઘટનાની તપાસ માટે પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે.

## કદીર પીરઝાદાએ માંગરોળના મોટા મિયા બાવાના ઉર્ષમાં હિન્દુ-મુસ્લિમો સાથે ઉજવણી કરી



હથોડાઃ કોઠવાના ઉર્ષ પછી હાલ માંગરોળ ખાતે 15 દિવસનો ઉર્ષ મેળો યોજાયો છે. જેમાં માંગરોળ ઉમરપાડા તાલુકાના ગામેગામથી લોકો ઉમટી રહ્યા છે. ત્યારે આજે સુરત જિલ્લાના મોટા મિયા માંગરોળ ખાતે મોટા બાબા સાહેબના શરીફ તથા ઉર્સ શરીફની ઉજવણી દરગાહના ગાદીપતિ સૈયદ સલીમ બાવા તથા એકલબારાના ગાદીપતિ સૈયદ કદિર બાવા, રફીક બાવા, મોઈન બાવા, મતાઉદ્દીન બાવા, ફરીદ બાવા, મોટા મિયા માંગરોળવાળા બાવા સાહેબના વંશજો દ્વારા તથા તમામ ભક્તજનો હિન્દુ મુસ્લિમ ભાઈઓ તથા બહેનો દ્વારા સાથે મળીને વર્ષની પરંપરા મુજબ કરવામાં આવી હતી.

(તસવીરઃ ઈબ્રાહીમ કાનુ)

# ગોપીપુરાની સગીરાને હેરાન કરતા શાકભાજી વિક્રેતાની ધરપકડ

**સગીરાએ વાતચીત કરવાનું બંધ કરી દેતા સ્કૂલે જતા સમયે તેનો પીછો કરી હેરાન કરતો હતો**

સુરત : ગોપીપુરા વિસ્તારમાં સુભાષ ચોક પાસે જૈન મંદિરની બાજુમાં શાકભાજીની લારી ચલાવતા એક યુવાને ૧૪ વર્ષની સગીરાને હેરાન કરીને તેને મોબાઇલ ફોન આપી વાતચીત કરી અને તેનો પીછો કરીને પરેસાન કરતો હતો. જેથી પિતા સમજાવવા જતા યુવાને પુત્રીને પુખ્ત વયની થતાં જ ભગાડી જવાની ધમકી આપતા મામલો અઠવા પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે કાર્યવાહી કરી યુવાનને પકડી પાડ્યો છે.

ગોપીપુરા વિસ્તારમાં રાજસ્થાન પરિવાર મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 14 વર્ષીય પુત્રી છેલ્લા અઢી મહિનાથી આરોપી સાથે ક્રિષ્ના સંપર્કમાં હતી. આરોપી ગોપીપુરા સુભાષ ચોક પાસે જૈન મંદિરની બાજુમાં શાકભાજીની લારી ચલાવે છે.

જ્યારે સગીરા શાકભાજી ખરીદવા જતી ત્યારે આરોપી તેની સાથે વાતચીત કરી ઓળખાણ વધારતો અને તેણે તેને વાત કરવા મોબાઇલ ફોન પણ આપ્યો હતો. જે મોબાઈલ ફોન પિતા હાથમાં લાગતા તે તોડી નાખ્યો અને દીકરીને આમ નહીં કરવા સમજાવી હતી. જે બાદ ફરી સગીરા શાકભાજી લેવા ગઈ તો તેણે ફરી એક મોબાઈલ આપ્યો હતો.

બંને વચ્ચે મોબાઈલ વડે બે મહિનાથી વાત થતી હતી. ત્રણ દિવસ પહેલા ફરી મોબાઇલ પિતાના હાથે લાગતા તેને ક્રિષ્ના સાથે વાતચીત નહીં કરવા સમજાવી હતી. જેથી તેણે તેનો સંપર્ક કરવાનું બંધ કરી દીધું હતું. ક્રિષ્ના સગીરાની સાથે વાતચીત કરવા સ્કૂલ જતી હોય ત્યારે તેનો પીછો કરીને તેને હેરાન કરતો હતો.

પિતાના જણાવ્યા મુજબ, જ્યારે તેઓ આરોપીને સમજાવવા ગયા ત્યારે ક્રિષ્નાએ તેમને ધમકી આપી કે જ્યારે તેમની પુત્રી સગીર વય પૂર્ણ કરી પુખ્ત થશે ત્યારે તે તેને ભગાડી જશે. જેથી તેમણે અઠવા પોલીસનો સંપર્ક કર્યો હતો.

પોલીસે કૃષ્ણ વિરુદ્ધ છેડતીની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસની એક ટીમે બાતમી આધારે ક્રિષ્ના મંગારામ માળી (રહે.રાજ એપાર્ટમેન્ટ, ગોપીપુરા, મૂળ.રાજસ્થાન)ને પકડી લીધો છે.

**સાયબર ગઠિયાઓએ ઊંચા નફાની જાળ બિછાવી**

# સિટીલાઈટ પર રહેતા વૃદ્ધ સાથે 42.28 લાખનું સાયબર ફ્રોડ

**બજાજ ફાઈનાન્સના નામે લિન્ક મોકલી શેર ટ્રેડિંગ અને આઈપીઓમાં રોકાણના બહાને પૈસા પડાવે રાખ્યા**

**1.83 કરોડ સુધીનો નફો દેખાડ્યો પરંતુ મોટી રકમ ઉપાડવા ગયા ત્યારે ફ્રોડનો ભાંડો ફૂટ્યો**

સુરત :સિટી લાઈટમાં રહેતા નિવૃત્ત નાગરિક સાથે ‘બજાજ ફાયનાન્સ સિક્યુરિટીઝ’ના નામે શેર ટ્રેડિંગ અને IPOમાં ઊંચા નફાની લાલચ આપી ઠગોએ રૂ. 42.28 લાખની માતબર રકમની સાયબર છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

મુકેશભાઈ શશિકાંતભાઈ વખારિયા (ઉ.વ. 62, રહે. નવકાર એપાર્ટમેન્ટ, સિટી લાઈટ રોડ)ને તા.02/06/2025ના રોજ વોટ્સએપ નંબરમાં અજાણ્યા ઈસમોએ “LS7 Bajaj Financial Securities Limited” નામના ગ્રુપમાં એડ કરી શેર ટ્રેડિંગમાં દરરોજ 10 ટકા નફાની વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. ગ્રુપ એડમિન પ્રિશા સિંઘ સહિતના વ્યક્તિઓએ SEBI દ્વારા અધિકૃત હોવાનું ખોટું સર્ટિફિકેટ મોકલી વિશ્વસનીયતા ઉભી કરી હતી. આરોપીઓએ https://bajaj88.xyz નામની લિંક મોકલી મુકેશભાઈનું ડીમેટ એકાઉન્ટ ઓપન કરાવ્યું હતું. શરૂઆતમાં નાની રકમ ડિપોઝિટ કરાવી 10 ટકા નફો આપી થોડી રકમ વિડ્રો થવા દેતા મુકેશભાઈને વિશ્વાસ આવી ગયો હતો. બાદમાં અલગ-અલગ બેંકોના ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરાવી IPO અને OTC શેરમાં રોકાણ કરાવાયું હતું.

Saraswat Bank, IDFC First Bank, Central Bank of India, Bandhan Bank તથા Bank of Maharashtra સહિતના અનેક ખાતાઓમાં IMPS અને RTGS મારફતે કુલ રૂ.42,28,856 ટ્રાન્સફર કરાવાયા હતા. શરૂઆતમાં નફો બતાવી એપ્લિકેશનમાં કરોડો રૂપિયાનું બેલેન્સ દર્શાવાયું હતું, પરંતુ મોટી રકમ વિડ્રો કરવા જતા આરોપીઓએ “ટેક્સના નામે પણ પૈસા ખંખેર્યા હતા. ત્યારબાદ “લોન પ્રોસેસ”, તથા એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ED)ના નામે બનાવટી પત્રો મોકલી વધુ રૂ.18 લાખની માંગણી કરી હતી. શંકા જતા ફરિયાદીએ પોતાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને બતાવતા આ તમામ દસ્તાવેજો બનાવટી હોવાનું ખુલ્યું હતું.

### એપમાં 1.83 કરોડથી વધુ જમા હતા, 20 લાખ ઉપાડવા ગયા તો 22.87 લાખ ટેક્સ માંગ્યો

મુકેશભાઈને એપ્લિકેશનમાં બેલેન્સ રૂ. 1,83,29,299 જમા દર્શાવાતું હતું. તેમણે રૂ. 20 લાખની રકમ વિડ્રો કરવા માટે રિક્વેસ્ટ નાંખી, પરંતુ તે રકમ તેમના બેંક ઓફ બરોડાના ખાતામાં જમા થઈ નહોતી. આ બાબતે પ્રિશાને મેસેજ કરીને જાણ કરી ત્યારે તેણે તેમના કસ્ટમર કેરનો સંપર્ક કરવા જણાવ્યું. પછી કસ્ટમર કેરનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું કે, પ્રોફિટ વધારે હોવાથી વિડ્રો કરવા માટે પહેલા ટેક્ષ ભરવો પડશે. તેમ કહી એક ટેક્ષ ડોક્યુમેન્ટ મોકલ્યું, જેમાં લખેલ હતું કે મને રૂ.1.52 કરોડ જેટલો પ્રોફિટ થયો છે અને તેના પર 15 ટકા મુજબ રૂ. 22.87 લાખ ટેક્ષ ભરવો પડશે.

### 10 ઘણાં પૈસા જોઈને ખુશ થયેલા નિવૃત અડધી ટેક્ષની રકમ ભરવા તૈયાર થયા

૨૭/૦૬/૨૦૨૫ના રોજ મુકેશભાઈને કસ્ટમર કેરએ મેસેજ કરીને જાણ કરી હતી કે, પ્રિશા સાથે થયેલ વાતચીત મુજબ કુલ ટેક્ષની રકમમાંથી 50 ટકા ટેક્ષ ભરવાનો જણાવેલ છે અને બાકી 50 ટકા ટેક્ષની રકમ કંપની તરફથી લોન રૂપે અપાવવાની ખાતરી આપી છે. તેના જવાબમાં તેમણે કસ્ટમર કેરને મેસેજ કરીને જણાવ્યું હતું કે, મને આજે જ ટેક્ષ ભરવો ફરજિયાત છે અને મારી 50 ટકા મુજબની ટેક્ષ રકમ રૂ. 11.43 લાખ થાય છે. ત્યારબાદ તેમણે તે ટેક્ષ ફ્રોડ ગેંગના કહેવા મુજબ તેમણે આપેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી હતી.

### ED નામે એક ખોટો લેટર મોકલી વધુ પૈસા પડાવવાનો પ્રયત્ન થયો

મુકેશભાઈને ટેક્ષની રકમ અડધી જમા કર્યાના બે દિવસ બાદ કસ્ટમર કેરમાંથી ફોન આવ્યો હતો કે તમારી અન્ય ટેક્સ ભરવાની રકમની લોન થઈ ગઈ છે. તમે બે દિવસમાં પૈસા ઉપાડી શકો છો. જેથી ત્રણ દિવસ બાદ મુકેશભાઈએ પૈસા ઉપાડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પૈસા ઉપાડી શકાયા નહીં. ત્યારબાદ તેમને એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ED) તરફથી એક લેટર આવ્યો હતો, જેમાં લખેલ હતું કે રકમ વધુ હોવાથી તે ગુનાહિત પ્રવૃત્તિમાં વપરાઈ રહી હોવાની શંકા છે અને તેથી કુલ રકમના 10 ટકા મુજબ રૂ.18 લાખ ભરવા પડશે. આ રકમ ભર્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા એપ્રુવલ મળશે અને ત્યારબાદ જ તમામ રકમ વિડ્રો કરી શકાશે. જેથી મુકેશભાઈએ તાત્કાલિક સીએનો સંપર્ક કરતા ભાંડો ફૂટ્યો હતો.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

**નવસારીના પીએમ....**

પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન કરવાનો છે.

5F વિઝનમાં ફાર્મથી ફાઇબરથી ફેક્ટરીથી ફેશનથી ફોરેનના ઉદેશ્ય સાથે પીએમ મિત્રા પાર્ક સ્પિનિંગ, વણાટ, પ્રોસેસિંગ અને ગારમેન્ટિંગને એક જ સ્થાને એકીકૃત કરશે, જે સમગ્ર કાપડ મૂલ્ય શૃંખલાને સમાવિષ્ટ કરશે અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડશે અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે.આ બેઠકમાં દિલ્હી મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (DMICDC) ના મેનેજિંગ ડિરેક્ટર ( MD ) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ( CEO ) - રજત કુમાર સૈની પણ હાજર રહ્યા હતા.

**ખાડાને કારણે...**

આયોગે આ મામલે સુનાવણી રાખી અને નર્મદા પોલીસને તાકીદ કરી યુવાનની ફરિયાદ લેવા જણાવ્યું, ત્યારે આખરે પોલીસે NHAI વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. આમ 111 દિવસ પછી યુવાનને સફળતા મળી. અન્ય કોઈ હોત તો હિંમત હારી જાત, પરંતુ પ્રવીણ ઝા ધ્યેય માટે લડતો રહ્યો અને સમાજને પણ એક મેસેજ આપ્યો કે હક્ક અને અધિકાર માટે લડતા રહો. જો કે આ ફરિયાદથી NHAI તંત્ર સુધરશે કે કેમ? એ જોવું રહ્યું.

**વાંસદામાં હડકાયા...**

તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોતા નાના બાળકોથી લઈ વૃદ્ધો સહિત લોકો ઘરની બહાર જવામાં ડર અનુભવી રહ્યા હતા, જેને લઈ ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી, સ્થાનિક લોકો દ્વારા ભારે પ્રયત્નો બાદ હડકાયા કૂતરાને પકડી નિયંત્રણમાં લઈ અંતે તેને યમલોક પહોંચાડી દીધા બાદ લોકોમાં રાહત જોવા મળી હતી. સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને પગલે ભયનો માહોલ સર્જાયો હતો. હાલ પરિસ્થિતિ અનુકૂળ રહેતા લોકો અવરજવર કરતા જોવા મળ્યા હતા. તેમજ સ્થાનિક લોકોએ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે તંત્ર પાસે જરૂરી પગલાં લેવા માંગ વ્યક્ત કરી છે.

**નાનપુરાના યુવાન...**

મશીન, ત્રણ કમ્પ્યુટર, પ્રિન્ટર, કાચો માલ અને રોકડ સહિત અંદાજે રૂ.12 લાખનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત મકાનના સ્ટ્રક્ચરને પણ અંદાજે રૂ.6 લાખનું નુકસાન થયું છે. આમ કુલ રૂ.18 લાખ જેટલું નુકસાન થયું છે. આ સમગ્ર મામલે ઉમેશભાઈ પટેલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સની ઉમેશભાઈ પટેલ વિરુદ્ધ આગ લગાવવી, ધમકી આપવી અને નુકસાન પહોંચાડવા અંગે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.પોલીસે ગણતરીના કલાકોમાં સની પટેલને પકડી પાડી વધુ પૂછપરછ હાથ ધરી છે.

**પતંગની દોરીને...**

ગિરીશભાઈ રાઠોડ કાર ડ્રાઈવિંગનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમના સંતાન પૈકી 13 વર્ષીય પુત્ર ફેનિલ સનરાઈઝ વિદ્યાલયના ધોરણ-9માં અભ્યાસ કરે છે. રવિવારે સવારે તેઓ બાઈક ઉપર પુત્ર સાથે નાસ્તો લેવા માટે બાઈક લઈને જઈ રહ્યા હતા. દરમિયાન ડિંડોલી માર્ક પોઈન્ટ પાસે તેમની બાઈક વચ્ચે અચાનક પતંગની દોરી આવી ગઈ હતી. જેથી તેઓએ પતંગની દોરીને પાછળની તરફ ધક્કો માર્યો હતો. દરમિયાન પાછળ બેસેલા ફેનિલના જમણા ગાલ પર દોરી વાગી હતી. જેથી ફેનિલ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના મેડિકલ ઓફિસર ડોક્ટર પ્રિયંકાએ તાત્કાલિક ફેનિલને પ્રાથમિક સારવાર આપીને 10 જેટલા ટાંકા લીધા હતા. ફેનિલને જમણા ગાલ પર અંદાજે 5×3 લાંબી ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

## અનુસંધાન ... પાના પહેલાનું

**બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં...**

એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું. પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી વિઝા કેન્દ્ર ફરીથી ખોલવાની જાહેરાત કરવામાં આવશે, એમ નિવેદનમાં ઉમેરવામાં આવ્યું છે. આ નિર્ણય રવિવારથી અમલમાં આવ્યો છે. બાંગ્લાદેશમાં ઢાકા, ખુલના, રાજશાહી, ચટ્ટોગ્રામ અને સિલહટ એમ પાંચ સ્થળે ભારતના વિઝા અરજી કેન્દ્રો છે. IVAC ના એક અધિકારીએ PTI ને જણાવ્યું હતું કે રવિવાર સુધી અન્ય ચાર કચેરીઓ કાર્યરત રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અગ્રણી યુવા નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ વધેલા તનાવને ધ્યાનમાં રાખીને, બાંગ્લાદેશના સિલ્હટ શહેરમાં ભારતીય સહાયક હાઈ કમિશન કાર્યાલય અને વિઝા અરજી કેન્દ્રમાં સુરક્ષા મજબૂત બનાવવામાં આવી છે.

**ઇલોન મસ્ક 700...**

હતો અને નીચલી અદાલતે ટેસ્લાને વાજબી વળતર શું હોવું જોઈએ તે કહેવાની તક આપી ન હતી. ફોર્બ્સ બિલિયોનેર્સ ઇન્ડેક્સમાં મસ્કની કુલ સંપત્તિ 749 બિલિયન ડોલર દર્શાવાય છે. જે ભારતના ટોચના 40 ધનિક લોકોની કુલ સંપત્તિ જેટલી છે અને વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ, ગુગલના સહ-સ્થાપક લેરી પેજ કરતા લગભગ ત્રણ ગણી છે, પેજની સંપત્તિ 252.6 બિલિયન ડોલર છે. ફોર્બ્સના અબજોપતિ સૂચકાંક અનુસાર, મસ્ક હવે ટ્રિલિયનર બનવાની નજીક છે.

**ઉત્તર ભારતમાં ઠંડી...**

રાજ્યો માટે યલો એલર્ટ જારી કર્યું હતું. ભારતીય હવામાન વિભાગ (IMD)એ સોમવાર સુધી જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને ઉત્તરપૂર્વ હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ ભારે હિમવર્ષા અને વરસાદની આગાહી કરી હતી. રાષ્ટ્રીય રાજધાનીમાં, આ સિઝનના સૌથી ઠંડા ડિસેમ્બરના દિવસ પછી, લઘુત્તમ તાપમાન 9.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનના સરેરાશ કરતા 1.3 ડિગ્રી વધારે હતું જ્યારે મહત્તમ તાપમાન 18.1 હતું એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. હવામાન વિભાગે સોમવારે મધ્યમ ધુમ્મસની આગાહી કરી છે જેમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી સેલ્સિયસ અને 9 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. જોકે, પંજાબ અને હરિયાણામાં શિયાળાની ઠંડી વધુ તીવ્ર બની, કારણ કે હરિયાણા અને પંજાબના ઘણા વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ. હરિયાણાનું નરનૌલ રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ હતું, જ્યાં પારો 5.2 ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયો હતો, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. ઉત્તર પ્રદેશમાં, કેટલાક ભાગોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાયું હતું, જેના કારણે દૃશ્યક્ષમતા 50 મીટરથી ઓછી થઈ ગઈ હતી, એમ હવામાન વિભાગે ઉમેર્યું હતું. ઉત્તર પ્રદેશના કેટલાક ભાગો અને ઉત્તરાખંડના છૂટાછવાયા ભાગોમાં ‘ઠંડા દિવસ’ થી ‘તીવ્ર ઠંડા દિવસ’ ની સ્થિતિ જોવા મળી હતી.

**દિલ્હી એરપોર્ટ પર...**

સમય લગભગ 26 મિનિટ હતો. સાંજે X પર એક પોસ્ટમાં, દિલ્હી એરપોર્ટ ઓપરેટર DIAL એ જણાવ્યું હતું કે કામગીરી સરળતાથી ચાલી રહી છે. દેશનું સૌથી મોટું એરપોર્ટ ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સામાન્ય રીતે દરરોજ લગભગ 1300 ફ્લાઇટ્સનું સંચાલન કરે છે. ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી અને અન્ય એરપોર્ટ પર છેલ્લા ઘણા દિવસોથી ફ્લાઇટ કામગીરી ખોરવાઈ ગઈ છે.

**જૂઠાણું ન ફેલાવો,...**

અરવલ્લીના કુલ ૧.૪૪ લાખ ચોરસ કિલોમીટર વિસ્તારમાં, ખાણકામની યોગ્યતા ફક્ત ૦.૧૯ ટકા વિસ્તારમાં જ હોઈ શકે છે. બાકીનો સમગ્ર અરવલ્લીનો વિસ્તાર સચવાયેલો અને સુરક્ષિત છે એમ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી યાદવે જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર અરવલ્લી ટેકરીઓ અને શ્રેણીની વ્યાખ્યા રાજ્યોમાં પ્રમાણિત કરવામાં આવી છે જેથી અસ્પષ્ટતા દૂર થાય અને દુરુપયોગ અટકાવી શકાય, ખાસ કરીને એવી પ્રથાઓ કે જેનાથી ખાણકામ ટેકરીઓના પાયાની ખતરનાક રીતે નજીકના વિસ્તારમાં ચાલુ રહેવાની મંજૂરી મળે. પર્યાવરણ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે, અરવલ્લીમાં ગેરકાયદેસર ખાણકામ પર લાંબા સમયથી પડતર કેસોની સુનાવણી કરતી વખતે, મે ૨૦૨૪ માં સમાન વ્યાખ્યાની ભલામણ કરવા માટે એક સમિતિની રચના કરી હતી, કારણ કે વિવિધ રાજ્યો ખાણકામ પરવાનગી આપતી વખતે એકબીજા સાથે અસંગત માપદંડોનું પાલન કરી રહ્યા હતા. પર્યાવરણ મંત્રાલયના સચિવની અધ્યક્ષતામાં અને રાજસ્થાન, હરિયાણા, ગુજરાત અને દિલ્હીના પ્રતિનિધિઓ તેમજ ટેકનિકલ સંસ્થાઓનો સમાવેશ કરતી સમિતિએ શોધી કાઢ્યું કે ફક્ત રાજસ્થાન પાસે જ ઔપચારિક રીતે સ્થાપિત વ્યાખ્યા છે, જેનું પાલન તે 2006 થી કરી રહ્યું.